# વાંસદા પંથકમાં ૧૯૬૨ પશુ એમ્બ્યુલન્સ સેવા રામભરોસે


નિલેશ કાપડિયા

**ખાટાઆંબા** ગામમાં બીમાર ગાયની સારવાર માટે ફોન કરવા છતાં તંત્રએ હાથ અધ્ધર કર્યા

## ડોક્ટર હાજર નથી બીજા ડોક્ટરનો સંપર્ક કરો : ૧૯૬૨ ટોલ ફ્રી અધિકારી

ગામના નાગરિકે ૧૯૬૨ સેવા પર ફોન કરતા અધિકારીએ મોબાઈલ પશુ ચિકિત્સા (એમ્બ્યુલન્સ) પર આવતા ડોક્ટર કોઈ કારણોસર હાજર નથી જેથી અન્ય નજીકના ડોક્ટરનો સંપર્ક કરવા જણાવ્યું હતું, અને એ ચાર્જેબલ રહેશે એમ જણાવ્યું હતું.

વાંસદા : સરકારે ગ્રામ્યના પશુપાલકોને ઘરઆંગણે પશુઓની વિનામૂલ્યે સારવાર મળી રહે તે માટે '૧૯૬૨' ટોલ-ફ્રી મોબાઈલ પશુ ચિકિત્સા એમ્બ્યુલન્સ સેવા શરૂ કરી છે. જોકે, વાંસદા તાલુકામાં સંબંધિત અધિકારીઓની ગંભીર બેદરકારીને કારણે આ યોજના માત્ર કાગળ પર જ હોય તેમ લાગી રહ્યું છે.

વાંસદાના ખાટાઆંબા ગામમાં એક ગરીબ ખેડૂતની ગાય બીમાર પડતા સરકારી હેલ્પલાઇન નંબર ૧૯૬૨ પર સંપર્ક કર્યો હતો. પરંતુ, હેલ્પલાઇન પરથી અધિકારીએ ડોક્ટર હાજર નથી અને એમ્બ્યુલન્સ સેવા પણ બંધ હોવાનો ઉદ્ધતાઈભર્યો જવાબ આપ્યો હતો. એટલું જ નહીં, પશુપાલકને ખાનગી ડોક્ટરનો સંપર્ક કરવા જણાવી જવાબદારીમાંથી હાથ અધ્ધર કરી લીધા હતા. ગરીબ ખેડૂતો માટે ઈમરજન્સીના સમયે ખાનગી તબીબોનો ખર્ચ ઉઠાવવો અશક્ય હોય છે, જેના કારણે પશુપાલકની હાલત દયનીય બની ગઈ હતી. અધિકારીઓની આવી ઘોર લાપરવાહીને લીધે સ્થાનિક પશુપાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અંતરિયાળ વિસ્તારના ગરીબ ખેડૂતો પોતાના મૂંગા પશુઓનો જીવ બચાવવા માટે વલખાં મારી રહ્યા છે, ત્યારે ઉચ્ચ વહીવટી તંત્ર આ બાબતે કડક પગલાં ભરે તેવી લોક માંગ ઉઠી છે.

## ઉમરગામ તથા મહારાષ્ટ્રમાંથી બાઈક ચોરી કરનારા બે લબર મુછીયા ઝડપાયા

ઉમરગામ : ઉમરગામમાંથી હોન્ડા યુનિકોનની ચોરી થઈ હોવાની ફરિયાદ પોલીસ સ્ટેશનમાં દાખલ થઈ હતી. વલસાડ જિલ્લા પોલીસ વડા યુવરાજસિંહ જાડેજા તથા નાયબ પોલીસ અધિક્ષક બી એન દવેના માર્ગદર્શન હેઠળ ઉમરગામ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ બી.આર બેરાએ તપાસ કરતા મળેલી બાતમીના આધારે મહારાષ્ટ્રમાંથી બે આરોપીઓ દિનેશ દેવાશી અને મશરારામ દેવાસીની અટક કરી બે મોટરસાયકલ કબજે લીધી હતી. આ ગુનો ઉકેલવામાં ઉમરગામના ઈન્ચાર્જ પીઆઈ બી આર બેરા તથા પીએસઆઈ એન સી સગર અને પોલીસ સફળ રહી છે. પકડાયેલા આરોપી વસઈના પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના ગુનામાં પણ સંડોવેલા હોવાનુ પો બહાર આવ્યું છે.

# યુવાનની હત્યા કરનારા ચાર શખ્સો સુરતથી ઝડપાયા

**જૂની** અદાવતમાં યાસીન મેમણ પર ચપ્પાના ઘા ઝીંકી કરાઈ હતી હત્યા

**સીસીટીવી** અને ટેક્નિકલ સર્વેલન્સના આધારે નવસારી એલસીબીએ ઓપરેશન પાર પાડ્યું



## પકડાયેલા સામે હત્યાનો પ્રયાસ, લૂંટ, પાસા, સહિતના ગુના નોંધાઈ ચૂક્યા

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે પકડાયેલા તમામ આરોપીઓ રીઢા ગુનેગાર છે અને તેમની સામે અગાઉ હત્યાનો પ્રયાસ, લૂંટ, પાસા, પ્રોહિબિશન અને પોક્સો જેવા ગંભીર ગુના નોંધાઈ ચૂક્યા છે. હાલ તમામનો કબજો નવસારી ટાઉન પોલીસને સોંપી હત્યા પાછળના મુખ્ય કારણો અને અન્ય સાગરીતોની સંડોવણી અંગે આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

નવસારી : નવસારી શહેરના રિંગ રોડ વિસ્તારમાં થયેલા ચકચારી હત્યા કેસનો નવસારી લોકલ ક્રાઈમ બ્રાન્ચે ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી ચાર આરોપીઓને પોલીસે સુરતમાંથી ઝડપી પાડ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ૧૪ મે ૨૦૨૬ના રોજ નવસારી રિંગ રોડથી ઓનેટ એપાર્ટમેન્ટ તરફ જતા માર્ગ પર યાસીન મેમણ પર આરોપીઓએ હુમલો કર્યો હતો. સુરતથી ખાસ નવસારી આવેલા આરોપીઓએ જૂની અદાવત રાખીને યાસીનને આંતરી મુખ્ય આરોપી મોઈનુદ્દીન ઉર્ફે ટીપુએ તીક્ષ્ણ ચપ્પા વડે યાસીનના શરીરે ગંભીર ઘા ઝીંકી દીધા હતા. લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં મોત નીપજતાં આખો પંથક ગંભીર ઘટનાથી ધ્રુજી ઉઠ્યો હતો. આ બનાવ અંગે નવસારી ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયો હતો. ઘટનાની ગંભીરતા જોઈ સુરત રેન્જના આઈજી પ્રેમવીરસિંહ અને નવસારી એસપી રાહુલ પટેલે આરોપીઓને પકડવા એલસીબીને ખાસ આદેશ આપ્યા હતા. એલસીબી પીઆઈ વી.જે. જાડેજાના માર્ગદર્શન હેઠળ ટીમોએ તપાસ તેજ કરી હતી. બાતમીના આધારે એલસીબીની ટીમે માંડવી-બારડોલી રોડ પર કંતાળી ગામ આઈ-૨૦ કાર સાથે ચારેય હત્યારાઓને દબોચી લીધા હતા. પકડાયેલા આરોપીઓમાં સુરતના મોઈનુદ્દીન ઉર્ફે ટીપુ અમાનુદ્દીન શેખ, મોહમ્મદ લતીફ રંગરેજ, બાલકૃષ્ણ ઉર્ફે જમરૂખ પારધી અને એજાજ યુનુસ શેખનો સમાવેશ થાય છે, જેમણે ગુનાની કબૂલાત કરી છે.

# 'ધરમપુર-પીપલસેત' એસ.ટી. બસ સેવા શરૂ

**કપરાડાના** સરહદી ગામો માટે મહત્વની બસ સેવા ચાલુ થતાં મુસાફરોમાં ખુશી છવાઈ ગઈ



વલસાડ : કપરાડા બોર્ડર વિલેજના ગામો માટે મહત્વની ધરમપુર પીપલસેત બસ બંધ કરી દેવાતા વડોલી જિ. પ.સભ્ય સહિત સમાવિષ્ટ તા. પ.ના સભ્યોના પ્રતિનિધિ મંડળની રજૂઆત બાદ બસ શરૂ કરી દેવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામો બાદ હોદ્દેદારોની નિમણૂક ટૂંક સમયમાં થશે, ત્યારે કપરાડા તાલુકાના વડોલી જિ. પ.બેઠક સભ્ય રેણુકા ઉદાર ઉપરાત વડોલી તાલુકા પંચાયત ઉત્તમ પવાર આસલોના તાલુકા પંચાયત કિશન રાઠડ, રુસ્તમ સાનખરા ઘોટણ તાલુકા પંચાયત સભ્ય સહિતનાઓએ હજુ ચાર્જ નથી સંભાળ્યો ત્યાં પ્રજાના પ્રશ્નો માટે મેદાનમાં આવી ગયા છે. તાલુકાના બોર્ડર વિલેજ માટે મહત્વની ધરમપુર પીપલસેત એસ.ટી.બસને અચાનક બંધ કરી દેવાતા વિદ્યાર્થીઓ, રોજિંદા મુસાફરો માટે ઊભી થયેલી મુશ્કેલીને ધ્યાનમાં લઈ પ્રતિનિધિ મંડળે એસટીના વિભાગીય નિયામકને રજૂઆત બાદ વહીવટી અધિકારી દ્વારા તાત્કાલિક ધોરણે બસ સેવા ચાલુ કરી દેતા મુસાફરોમાં ખુશી છવાઈ ગઈ છે.

### ગુજરાત સરકાર
### ગ્રામ વિકાસ વિભાગ (ડી.આર.ડી.એ.)
### તાલુકા પંચાયત, મનરેગા શાખા- વાલોડ, જીલ્લો-તાપી
### ઓનલાઈન જાહેર નિવિદા નં. ૧, સનેઃ- ૨૦૨૬ -૨૭

કામની વિગતઃ- વાલોડ તાલુકા મનરેગા હેઠળ વિવિધ ગ્રામ પંચાયત/ગ્રામવિસ્તારમાં કામના સ્થળ સુધી વર્ષઃ- ૨૦૨૬ -૨૭ .માટે માલસામાન-ટેન્ડરની શરતો મુજબ પૂરો પાડવા માટે જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ કામ માટે રસ ધરાવતી એજન્સી/સંસ્થાઓ/સપ્લાયર્સ પાસે ઈ- ટેન્ડર દ્વારા ભાવો મંગાવામાં આવે છે.

| | |
|---|---|
| ઓનલાઈન બીડ ડોક્યુમેન્ટ ડાઉનલોડ કરવાની તારીખ અને સમયઃ- | તા.:-૧૮/૦૫/૨૦૨૬,૧૦:૦૦ AM કલાકથી |
| ઓનલાઈન બીડ ડોક્યુમેન્ટ ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ અને સમયઃ- | તા.:-૦૮/૦૬/૨૦૨૬, ૦૬:૦૦ PM સુધી |
| ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય દસ્તાવેજો કચેરીમાં મોકલવાની તારીખ અને સમયઃ- (માત્ર સ્પીડ પોસ્ટ/ રજીસ્ટર એ.ડી.) | તા.:-૦૯/૦૬/૨૦૨૬ થી તા.:-૧૫/૦૬/૨૦૨૬ ૦૬:૦૦ PM કલાક સુધી. |
| ઓનલાઈન ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ- | તા.:-૧૭/૦૬/૨૦૨૬ ૧૨: ૦૦ PM કલાક |
| કચેરીનું સરનામુંઃ- મનરેગા શાખા, તાલુકા પંચાયત કચેરી, વાલોડ, વાલોડ -૩૯૪૬૪૦ | |
| વધુ જાણકારી માટે ઉપરોક્ત કચેરી તથા વેબસાઈટ www.nprocure.comનો સંપર્ક કરવાં વિનંતી છે. | |

તારીખઃ-૧૫/૦૫/૨૦૨૬
સ્થળઃ- વાલોડ
ક્રમાંક. માહિતી-સૂરત/૧૩૭/૨૦૨૬

તાલુકા વિકાસ અધિકારી
તાલુકા પંચાયત વાલોડ

### આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ

IDFC FIRST Bank

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ–૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦
ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**પરિશિષ્ટ–૪ [રૂલ ૮(૧) કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)**

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ,આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) ની સાથે વાંચતા નિયમ ૩ હેઠળ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા.૧૧.૦૨.૨૦૨૬** ના રોજ નોટીસ બજાવીને **દેવાદાર, સહદેવાદારો અને જામીનદારો ૧. મનોજ સદાશીવ કામલે ૨. સરલાબેન મનોજભાઈ કામલે** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા ૯,૧૩,૨૭૮.૦૨/– (અંકે રૂપિયા નવ લાખ તેર હજાર બસો ઈઠ્ઠોતેર અને બે પૈસા પુરા) તા.૧૦.૦૨.૨૦૨૬** ના રોજના આ ડીમાન્ડ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ૨૦૦૨ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) ના રૂલ ૮ હેઠળ તેમને બક્ષવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૧૪ મે ૨૦૨૬** ના રોજ આ કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ,આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)** ની રકમ **રૂા ૯,૧૩,૨૭૮.૦૨/– (અંકે રૂપિયા નવ લાખ તેર હજાર બસો ઈઠ્ઠોતેર અને બે પૈસા પુરા)** અને તેના ઉપરના વ્યાજને આધીન રહેશે.

દેવાદારો નું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

**સ્થાયી મિલકતોનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે 'વી.કે પાર્ક'નો પ્લોટ નં. ૪૯૨ માપ ૩.૬૬ ×૧૨ ફુટ અને ૧૦.૯૮ × ૩૬.૦૨ ચો.ફુટ, કુલ માપ ૪૦.૧૯ ચો.મી, કોમન પ્લોટ નં.૧, પ્લોટ નં. ૫૨૮ પૈકી ૧.૪૫૪૮ ચો.મી અને કોમન પ્લોટ નં.૨, પ્લોટ નં.૫૨૯ પૈકી ૨.૧૧૧૬ ચો.મી અને કોમન પ્લોટ નં. ૩, પ્લોટ નં. ૫૩૦ પૈકી ૦.૮૯૪૯ ચો.મી અને કોમન પ્લોટ નં.૪,પ્લોટ નં.૫૩૧ પૈકી ૦.૯૨૫૩ ચો.મી અને કોમન પ્લોટ નં. ૫, પ્લોટ નં. ૫૩૨ પૈકી ૧.૦૭૮૫ ચો.મી અને કોમન પ્લોટ નં. ૬, પ્લોટ નં. ૫૩૩ પૈકી ૦.૯૪૦૬ ચો.મી અને કોમન પ્લોટ નં. ૭, પ્લોટ નં. ૫૩૪ પૈકી ૧.૨૦૮૬ ચો.મી અને પ્લોટ નં. ૫૩૫ સાથે ૨૫.૯૧૪૪ ચો.મી, રેવન્યુ સર્વે નં. ૨૮૪, ૨૮૫ અને ૨૮૬, બ્લોક નં. ૨૧૦, મોજે તાતીથૈયા, તા. પલસાણા, જી.સુરત, ગુજરાત –૩૯૪૩૦૫ ખાતે આવેલ છે. જેની ચતુર્થદિશા **પુર્વે** : ૯.૦ મી. રોડ **પશ્ચિમે** : પ્લોટ નં. ૪૮૩, **ઉત્તરે** : પ્લોટ નં. ૪૯૩, **દક્ષિણ** : પ્લોટ નં. ૪૯૧ આવેલ છે.

તારીખ : ૧૪.૦૫.૨૦૨૬
સ્થળ : ગુજરાત
લોન ખાતા નં.: ૩૫૫૧૭૯૨૫, ૩૬૩૬૫૭૮૫ અને ૩૯૫૪૫૭૦૦

સહિ/–
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ,
આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી


गृह मंत्रालय भारत सरकार

आपणी વસ્તીગણતરી, આપણો વિકાસ

# આપણી વસ્તીગણતરી, આપણો વિકાસ

(વસ્તીગણતરી ૨૦૨૭ નો પ્રથમ તબક્કો)

ભારત સરકાર દ્વારા મકાનયાદી અને મકાનોની વસ્તીગણતરી આપના રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશમાં ટૂંક સમયમાં શરૂ થવા જઈ રહી છે. આ પહેલાં, ૧૫ દિવસની એક વિશેષ સુવિધા આપવામાં આવી રહી છે જ્યાં તમે તમારી માહિતી જાતે જ ઓનલાઇન ભરી શકો છો.

હું પ્રગતિ છું

હું વિકાસ છું

## સ્વ-ગણતરી

સરળ અને સુરક્ષિત ડિજિટલ સુવિધા

### સ્વ-ગણતરી કેવી રીતે કરવી?

1. સત્તાવાર પોર્ટલ (se.census.gov.in) પર જાઓ.
2. તમારા મોબાઈલ નંબર પર OTP મેળવીને લોગિન કરો.
3. તમારું રાજ્ય, જિલ્લો અને સ્થાનિક વિગતો પસંદ કરો.
4. ડિજિટલ નકશા પર તમારા ઘરનું સ્થાન ચિહ્નિત (માર્ક) કરો.
5. ઘર અને પરિવાર સંબંધિત માહિતી ભરો.
6. સબમિટ કર્યા પછી તમને એક SE ID મળશે.
7. આ SE ID ને સુરક્ષિત રાખો.
8. જ્યારે ગણતરીકાર તમારા ઘરે આવે ત્યારે તેમને આ SE ID આપો.
9. ગણતરીકાર આ માહિતીની પુષ્ટિ કરશે.

તેના ફાયદા :
- સમયની બચત
- સચોટ માહિતી
- ઝડપી ડેટા પ્રોસેસિંગ

યાદ રાખોઃ સ્વ-ગણતરી એ એક વિશેષ સુવિધા છે.

જો તમે સ્વ-ગણતરી કરવા માટે અસમર્થ છો, તો ચિંતા કરશો નહીં; નિયત સમયગાળા દરમિયાન માહિતી નોંધવા માટે એક ગણતરીકાર ચોક્કસપણે તમારા ઘરે આવશે.

તમારી તમામ માહિતી સંપૂર્ણપણે ગુપ્ત અને સુરક્ષિત રહેશે.

ગુજરાત

સ્વ-ગણતરી ૧૭મી મે થી ૩૧મી મે

મકાનયાદી ૧લી જૂન થી ૩૦મી જૂન

CBC 19108/13/0108/2627

આવો, આપણે આપણી જવાબદારી નિભાવીએ અને વસ્તી ગણતરીમાં ભાગ લઈએ

ટોલ ફ્રી નંબરઃ ૧૮૫૫

CensusIndia2027